(30)

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની માન્ય બોર્ડની પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર અને ગુજરાત રાજ્યમાં માન્ય યુનિવર્સિટીઓમાં સ્નાતક તેમજ ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ.૧,૦૦૦/-ના ટોકન દરે ટેબ્લેટ આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંકઃ-પરચ/૧૦૨૦૧૭/૨૬૯/સ(પાર્ટ ફાઇલ-૧)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૦૩/૧૦/૨૦૧૭

**વંચાણે લીધાઃ-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૨-૦૪-૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૭/૨૬૯/સ

(૨) શિક્ષણ કમિશ્નરશ્રી, ટેકનીકલ શિક્ષણનો તા.૨૩/૦૫/૨૦૧૭ નો પત્ર ક્રમાંકઃ ડીટીઈ/ ટેબલેટ/ ડિપ્લોમા વિદ્યાર્થીઓ/ છ(આ)/૨૦૧૭

(૩) વિભાગનો તા.૧૪/૦૭/૨૦૧૭નો સુધારા ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૭/૨૬૯/સ.

(૪) વિભાગનો તા.૨૪/૦૭/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૭/૨૬૯/સ.

**આમુખઃ-**

વંચાણે લીધેલ સંદર્ભદર્શિત ઠરાવોથી રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮માં ઠરાવમાં દર્શાવેલ અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રૂા.૧૦૦૦/- ના ટોકન દરે ટેબલેટ વિતરણ કરવાની નીતિ અમલમાં છે. આ નીતિ અન્વયે જે વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૧૭ના અગાઉના વર્ષોમાં ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષા ઉત્તીણ કરેલ હોય તેવા પરંતુ વર્ષ ૨૦૧૭-૧૮ માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વંચિત રહી ગયેલ વિદ્યાર્થીઓને પણ રૂા.૧૦૦૦/- ના ટોકન દરે ટેબલેટ આપવા બાબતે અત્રે અવારનવાર રજૂઆતો મળેલ છે, જે ધ્યાને લઇને સરકારશ્રી દ્વારા નીચે મુજબનો નિર્ણય કરવામાં આવે છે.

**સુધારા ઠરાવ:-**

આમુખમાં દર્શાવેલ હકીકત ધ્યાને લઇ કાળજીપૂર્વકની વિચારણાને અંતે આથી સરકાર ઠરાવે છે કે સંદર્ભદર્શિત ઠરાવોમાં ઉલ્લેખિત અભ્યાસક્રમોના વર્ષ ૨૦૧૭-૧૮ના પ્રથમ શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓએ જો ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષા વર્ષ ૨૦૧૭ના અગાઉના વર્ષોમાં ઉત્તીર્ણ કરી હશે પણ કોલેજના સંબંધિત અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં ૨૦૧૭માં પ્રવેશ મેળવેલ હોય તો પણ તેઓને સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ અનુસાર રૂ.૧૦૦૦/-ના ટોકન દરે ટેબલેટ મળવાપાત્ર થશે.

આ સુધારા ઠરાવ સરકારશ્રીની તા.૨૯/૦૯/૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી. વી. રાઠવા )

ઉપસચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (કૃષિ,સહકાર અને પશુપાલન) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાણાં) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (આરોગ્ય) આરોગ્ય વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેક. શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ખેતી, સહકાર) કૃષિ, સહકાર અને પશુપાલન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (આ.બા.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, કે.સી.જી., અમદાવાદ
- ડાયરેક્ટરશ્રી, નેશનલ ઇન્ફર્મેટીક્સ સેન્ટર (એન.આઇ.સી.), ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ના.સે.અધિ. સિલેક્ટ ફાઈલ.